ગાંધીનગર સમાચાર

સેક્ટર-૧૭ સ્થિત ટેલીફોનની સબ ડિવિઝનલ ઓફિસ ખંડેર હાલતમાં

# માનો, ના માનો ગુજરાતમાં ચૂંટણી વહેલી આવે છે...

**સમયસર**

શુક્રવારની સવારે વધુ ત્રણ સંસદીય સચિવો નિમાયા. જમ્બો મંત્રીમંડળ વધુ જમ્બો બન્યુ. સંખ્યા ૩૬ ઉપર પહોંચી. તમામ જ્ઞાતિ-સમાજો - પેટાજ્ઞાતિઓ જિલ્લાઓ-તાલુકાઓ-વિસ્તારો બધાને સમાવવાનો પુરૂષાર્થ થતો હોય એવો અહેસાસ થાય છે. પ્રદેશ પ્રમુખ, દંડક, ઉપદંડક, વિધાનસભા અધ્યક્ષ જેવી નિમણુંકો પણ ફટાફટ થવા લાગી છે. કેન્દ્ર મંત્રીમંડળમાં ગુજરાતના બે મોભાદાર પાટીદારોને સમાવી લેવા પ્રદેશ પ્રમુખ તરીકે પાટીદાર સમાજના યુવા નેતાને નિમણુંક આપવી. આ બધી જ ઘટનાઓ માત્ર પંદર-વીસ દિવસમાં બની છે અને હજુ આગામી પંદર-વીસ દિવસમાં ઘણું બધુ ફટાફટ થશે એના અણસાર છે. આનો સીધો-સાદો અર્થ ભાજપમાં રાજકીય રઘવાટ છે. એ રઘવાટ એટલા માટે છે કે હવે વધુ કંઈપણ બગડે એ પહેલાં ચૂંટણી આપી ફરીથી પાંચ વર્ષની સત્તા અંકે કરી લેવી. આ સમગ્ર ઘટનાઓના પૃથ્થકરણમાંથી એક વાત સાર રૂપે મુકવી હોય તો એમ મુકી શકાય કે ચૂંટણી વહેલી આવે છે.

છેલ્લા બે વર્ષથી ગતિશીલ ગુજરાતના સુત્ર સાથે આનંદીબેન પટેલની સરકાર ખુબ જ આરોહર-અવરોહ વચ્ચે પણ મક્કમતાથી ચાલતી રહી હતી. કેટકેટલા વહીવટી પ્રશ્નો - કેટકેટલા આંદોલનો અને કેટકેટલા આક્ષેપો-પ્રતિઆક્ષેપોની વચ્ચે ચાલતી એક સ્થિર સરકાર એ રાતોરાત બદલી નાખવાની જરૂરીયાત કેમ ઉભી થઈ ? કેવી રીતે થઈ ? કોના દ્વારા થઈ ? આ બધુ જ ગુજરાત જાણે છે. ચહેરો બદલી ચૂંટણી લડવાની ચાલ આજકાલ નવી રાજકીય ફેશન છે. પણ... ખેર... એના પોષ્ટમોર્ટમમાં હવે ગુજરાતને કોઈ રસ નથી. હવે તો રસ છે. આવતીકાલના અણસારને ઓળખવામાં... નવા રાજકીય પગલાને પામવામાં... ભાજપની રાષ્ટ્રીય નેતાગીરી અને પ્રદેશ નેતાગીરી ક્યાંક ઊંડે ઊંડે એમ માને છે કે નેતૃત્વ પરિવર્તનની પ્રક્રિયામાં સપાટી પર આવેલી જુથબંધી વધુ ઘેરી બનશે.... વધુ નુકશાનકારક બનશે અને પછી ઉપાયો શોધવાની વાત અઘરી પણ બની શકે. એટલે પક્ષની જુથબંધી વધુ વધે તે પહેલા આંદોલનોનો સળવળાટ આકાર લે તે પૂર્વે ચેતવાનો સમય આવી પહોંચ્યો છે અને રાજકીય પંડિતો માને છે કે હવે પછીનું કોઈપણ આંદોલન સત્તા પક્ષ માટે ગંભીર પડકારજનક બની રહેશે. એટલે કોઈપણ

● અનુસંધાન પાન-૭ પર



દશામા વ્રતનું સમાપન - દશામાના વ્રતના સમાપન નિમિત્તે ગુરૂવારે રાતભર વ્રત કરનાર બહેનોએ જાગરણ કર્યુ હતુ. ભાવપૂર્વક કરાતા દસ દિવસના વ્રતના અંતિમ દિવસે પૂજન-અર્ચન કરાયેલી દશામાની મૂર્તિને પધરાવવા ઈન્દ્રોડાના નદી કિનારે મહિલાઓ ઉમટી હતી. ઈન્દ્રોડાના ગ્રામજનોએ સૌ ભાવિકો માટે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

# બિન-ખેતીની મંજૂરીના કેસો અંગે જિલ્લાતંત્રએ મેળાનું આયોજન કર્યુ

## ૨૦ હજાર ચો.મી. જેટલી જગ્યા પર મંજૂરી આપવાના ૧૫ જેટલા કેસોનો નિકાલ કરાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે એક મેળાનું આયોજન કરી બિનખેતીના કેસો, પ્રિમિયમની રકમ ભરવા માટેની સૂચના આપતા કેસો, તેમજ હેતુફેરના કેસોના ૧૫ જેટલા કેસોનો નિકાલ કરેલ છે.

અંદાજે ૨૦ હજાર ચો.મી. જેટલી જગ્યા માટે બિનખેતીની મંજૂરી આપવામાં આવી છે અને આ પેટે રૂ. ૧૨.૨૫ કરોડની આવક તંત્રને પ્રિમીયમ પેટે તેમજ રૂપાંતર કર પેટે થવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ભાટ, દંતાલી, ખોરજ, ઝુંડાલ, ઉવારસદ, રાંધેજા અને સાંતેજ ગામ ઉપરાંત ચિલોડા (ન)ની જમીનોનો સમાવેશ થાય છે.

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે યોજાયેલા આ મેળામાં અધિક નિવાસી કલેક્ટર કાલરિયા, પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ, જમીન સુધારણાના નાયબ કલેક્ટર સુશ્રી કવિતાબેન શેઠ ઉપરાંત અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# પૂનમભાઈ મકવાણાની નિમણુંકથી જિલ્લા ભાજપમાં ખુશીનો માહોલ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના જાખોરા ગામના વતની અને દસાડાના ધારાસભ્ય પૂનમભાઈ મકવાણાને આજે સંસદીય સચિવ તરીકે સ્થાન મળતાં જ જિલ્લા ભાજપના કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.



પૂનમ મકવાણા હાલમાં અતિ પછાત બેચરસ્વામી વિકાસ નિગમના ચેરમેન તરીકે સેવાઓ આપતા હતા. તેઓની આજે નિમણુંક થતાં જિલ્લાના કાર્યકરોમાં ખુશીનો માહોલ હતો.

પૂનમ મકવાણા સાંસદ દ્વારા આદર્શ ગામ તરીકે પસંદ કરાયેલ જાખોરા-રાજપુરના વતની છે. આ ગામમાંથી ધારાસભ્ય બન્યા હોય તેવા બીજા વ્યક્તી છે. અગાઉ આ જ ગામના સહકારી અગ્રણી સ્વ. જેઠાભાઈ પટેલ ગાંધીનગરના ધારાસભ્ય બન્યા હતા. પૂનમ મકવાણા સુરેન્દ્રનગરના દસાડા વિધાનસભા મતવિસ્તારનું હાલ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

# શહેરમાં ૧૯૦ જેટલા સ્થાનો પરથી ડેન્ગ્યુ મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં આજે શહેરી મેલેરિયા તંત્રની ટીમે હાથ ધરેલી ચકાસણી દરમ્યાન ૧૯૦ જેટલા સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે તંત્રની ટીમે સે. ૧૩, ૨૧, ૨૩, ૨૮ અને ૨ માં ૪ હજારથી વધુ મકાનોની ચકાસણી કરી હતી. જેમાં ૧૦ હજારથી વધુ પાત્રોની ચકાસણીને અંતે ૧૯૦ જેટલા સ્થાનોએથી મચ્છરોના પોરા મળી આવતાં તાત્કાલિક પોરા નાશક કામગીરી હાથ ધરી હતી.

હાલ મચ્છરોની ઉત્પત્તિ માટે અત્યંત સાનુકૂળ વાતાવરણ હોવાને કારણે મચ્છરોના પોરા મોટી સંખ્યામાં મળી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. શહેરી વિસ્તારમાંથી આ વખતે પોરાઓ ખુબ મોટી સંખ્યામાં મળતાં લોકો ચિંતાતુર બન્યા છે.

દરમ્યાન સે. ૨૯માંથી આજે વધુ એક કેસ મેલેરિયાનો મળી આવેલ છે. જે ખાનગી તબીબને ત્યાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં ધીમી ગતિએ મેલેરિયાના કેસો વધી રહ્યા છે. આ વખતે જેરી મેલેરિયાના કેસો પણ અત્યાર સુધીમાં બે જેટલા નોંધાઈ ચુક્યા છે. જો કે ખાનગી અને સરકારી દવાખાનાઓમાં વાઈરલ ફિવરની ફરિયાદોના દર્દીઓ વધુ મળી રહ્યા છે.

# ડહોળા પાણીની સમસ્યાને ડામવા પોલી એલ્યુમિનિયમ કલોરાઈડ પાવડરનો ઉપયોગ

## ડહોળા પાણીની સમસ્યા હલ થતા હજુ ૧૦ દિવસનો સમય લાગશે પાણીનો દર બે દિવસે રીપોર્ટ થાય છે : પાણી પીવાલાયક

ગાંધીનગર તા ૧૨

શહેરમાં છેલ્લા ૧૨ દિવસથી ડહોળા પાણીની સમસ્યાએ ભરડો લીધો છે.સેકટરોમાં રોજબરોજ ડહોળુ પાણી આવતુ હોવાની બુમ સંભળાય છે. ત્યારે હજુ પણ ૧૦ દિવસ ડહોળા પાણીની સમસ્યા યથાવત રહેશે પાણી પુરવઠા તંત્ર દ્વારા હાલ કેનાલના પાણીમાં ટર્બિલીટી ઓછી કરવા માટે પોલી એલ્યુમિનિયમ કાર્બોરાઈટ નામનો પાવડર ઉપયોગ કરવામાં આવ્યો છે. પરંતુ આ પાવડરનો વધુ ઉપયોગ કરવાથી પાણી એસિડીક બનતા પીવાલાયક રહેતુ ન હોવાથી કેનાલમાં પાણીનો પ્રવાહ સ્થિર ન થાય ત્યાં સુધી પાણીડહોળુ આવશે તેમ પણ જણાંવાયુ છે. સામાન્ય દિવસોમાં પાણીમાં ડહોળાશનુ પ્રમાણ ૨૦૦ જેટલુ હોય છે. જયારે આ દિવસોમાં ટર્બિલીટી એન ટી યુ ૨૦૦૦ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે સુત્રોના જણાંવ્યા પ્રમાણે પીવાલાયક પાણી જ સપ્લાય કરવામાં આવે છે. જેથી ડહોળા પાણીથી ગભરાવાની જરૂર નથી.

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે શહેરમાં ત્રિરંગાયાત્રા

ગાંધીનગર, તા.૧૨

દેશના ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર ખાતે દેશ ભક્તિનો માહોલ ઉભો કરવા ત્રિરંગાયાત્રા તેમજ ‘‘યાદ કરો કુરબાની’’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૪મી ઓગષ્ટ, ૨૦૧૬ના રોજ સાંજના ૫.૩૦ કલાકે ત્રિરંગા યાત્રાનો આરંભ ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતેથી થશે. આ યાત્રામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી જોડાશે.

ત્રિરંગા યાત્રા ટાઉનહોલ થઈ ચ-રોડ ઉપરથી સેકટર-૧૧ પેટ્રોલ પંપ થઈ રામકથા મેદાનમાં સમાપન કાર્યક્રમ યોજાશે. દેશભરમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન પેદા થાય તે માટે ત્રિરંગા યાત્રાનું આયોજન કરવા ગાંધીનગરમાં કરવામાં આવ્યું છે.

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. વસુબેન નારણભાઈ ચુડાસમા
સ્વ. તા. ૧૩-૮-૨૦૧૦, જન્મ તા. ૭-૬-૧૯૫૦
સત્યગુરૂ ઈતના દીજીએ જ્યાં મેરા કુટુંબ સમાય
મેં ભલા ભુખા રહુ મેરા સંત ભુખ્યા ન જાય.
આપના દિવ્ય ઉચ્ચ સંસ્કારો, પ્રેરક આદર્શો, કર્તવ્ય નિષ્ઠા, સેવાભાવના અને આપના અવિરત પરિશ્રમ દ્વારા અમોને મળેલ સફળતા, શ્રેય, આપે આદરેલા અને સતત જીવનભર ચલાવેલા કર્મયજ્ઞની ફળશ્રુતિ છે. અમે આપના અત્યંત ઋણી છૂએ.
જગતનિયંતા પરમાત્મા આપના પુણ્યશાળી આત્માને ચીરદાયી શાંતિ અર્પે એ જ અભ્યર્થના
આપના અત્માને કોટિ કોટિ વંદન...
લિ.
નારણભાઈ બી. ચુડાસમા
જીતેન્દ્ર, રાજેશ, શૈલેષ, સંજય (પુત્રો)
દક્ષાબેન (પુત્રી), જયેશકુમાર (જમાઈ), રૂદ્ર (ભાણો), મણીબેન (નણંદબા)
માયાબેન, કનુબેન, ઉષાબેન, સ્મૃતિબેન (પુત્રવધુઓ)
નિશા, નિધિ, નૈયત્રી, પ્રિયા, હાર્દિકા, નેહા, આયુશી, પ્રાર્થના (પૌત્રીઓ)
માનુષ, તીર્થ, વૈભવ, યુવરાજ (પૌત્રો)

## શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગરના તમામ આજીવન સભ્યોને જણાવવાનું કે, સમાજની વાર્ષિક સાધારણ સભા તારીખ : ૧૪/૮/૨૦૧૬ના રવિવારના રોજ બપોરના ૨.૦૦ કલાકે બાશ્રી હંશાબા ચંદનસિંહજી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. જેમાં તમામ આજીવન સભ્યોને સમયસર હાજર રહેવા આ નોટીસથી વિનંતી કરીએ છીએ.


લી.

મહામંત્રીશ્રી — શ્રી પ્રદિપસિંહ પી. વાઘેલા
પ્રમુખશ્રી — શ્રી કરણસિંહ બી. વાઘેલા

નોંધ : કોરમના અભાવે મુલત્વી રહેલી સભા આપેલ તારીખ અને સમયે અડધા કલાક બાદ ઉપરોક્ત સ્થળે હાજર રહેલા સભ્યોનું કોરમ ગણી પુનઃ સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

# સેક્ટર-૧૭ સ્થિત ટેલીફોનની સબ ડિવિઝનલ ઓફિસ ખંડેર હાલતમાં

## ઉધઇગ્રસ્ત બારણા : દિવાલોમાં બાકોરા : કાચ વિનાની બારીઓ ફ્લોરીંગની ટાઇલ્સો તુટેલી મુલાકાતીઓ પણ પરેશાન



ગાંધીનગર તા ૧૨

સે-૧૭માં સરકારી આવાસમાં કાર્યરત બી એસ એન એલની કચેરી ખંડેર હાલતમાં છે. ભારતીય દુર સંચાર નિગમની સબ ડિવિઝનલ કચેરીને સેકટરમાં ચ કેટેગરીનો બ્લોક ફાળવવામાં આવ્યો છે. જયાં વર્ષોથી ટેલીફોન વિભાગની વિવિધ કામગીરીનુ સંચાલન કરવામાં આવે છે. પરંતુ કેચરીનો આ બ્લોક લાંબા સમયથી ખંડેર હાલતમાં છે. કચેરીમાં કર્મચારીઓના ટેબલ માથેથી પોપડા ખરે છે. જ્યારે બારી દરવાજા પણ ઉધઈના લીધે અડીને રહયા છે.ગંદકી અને કાટમાળથી ખદબદતી આ કચેરીના રીનોવેશનનુ કામ અત્યંત અનિવાર્ય બન્યુ છે. મુલાકાતીઓ પણ ટેલીફોન સેવા પુરી પાડતી આ કચેરીની હાલત જોઈને બે ઘડી ડઘાઈ જાય છે.

● અનુસંધાન પાન-૭ પર


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ગાંધીનગરના પાદરે જૂજ ફ્લેટ અને ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle

Developers SHREE MADHAVKISHAN INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com